# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
## (વિકસતી જાતિ) ની કચેરી

જિલ્લા સેવા સદન-૨, બ્લોક-બી/૧૦૫, પ્રથમ માળે- અમરેલી. ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૭૯૩
E-Mail :- ddcw-sjed-amr@gujarat.gov.in

નં.વિજાક/લઘુ.પોમેસ્કો./૨૦૨૦-૨૧/૬૮ થી ૪૦૯ — તારીખ.૧૬/૦૧/૨૦૨૧

**પરિપત્ર:**

નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુ.રા,ગાંધીનગરનાં સરખા ક્રમાંક તા.૨૭/૧૧/૨૦૨૦નાં પત્રથી મળેલ સુચનાઓ ધ્યાને લઇ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)-અમરેલીનાં તા.૩૧/૧૨/૨૦૨૦ નાં પરિપત્રથી NSP Portal ની પ્રક્રિયાને સુરક્ષિત કરવા માટે સબંધિત શાળા/કોલેજ/સંસ્થાઓને તાત્કાલિક અસરથી પત્રક-અ માં સૂચવેલ નિવારક પગલાઓ અમલમાં લેવા સુચના આપવામાં આવી હતી. આમ નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુ.રા,ગાંધીનગરનાં સરખા ક્રમાંક તા.૧૫/૦૧/૨૦૨૦ નાં પત્રથી સુરક્ષાનાં હેતુ સબબ મળેલ સુચના મુજબ તમામ શાળા/કોલેજ/સંસ્થાઓને તમામ Fresh/Renewal ની અરજીઓ Institute Login માં પરત કરવામાં આવી છે. જેના Re-Verification ની કાર્યવાહી આપેલ સમય મર્યાદામાં સામેલ પત્રક-અ મુજબના મુદ્દાઓ ધ્યાને લઈ કરવાની રહેશે. તેમજ Re-Verification કરેલ અરજીઓ આ સાથે સામેલ Excel sheet માં ફરજીયાત જીલ્લા કચેરીમાં રજુ કરવાની રહેશે. જીલ્લા કચેરીમાં રજુ કરેલ અરજીઓની જ શિષ્યવૃતિ મંજુર કરવામાં આવશે.જેની ગંભીર નોંધ લેવી.

ઉક્ત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(એમ.કે.રાઠોડ)
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.) અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
..............................................................
મુ........................તા.......................જિ.અમરેલી.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 420

પરીપત્ર નં.- ૬૫૬

ક્રમાંક:/પરીક્ષા/~~શાખા~~ શિષ્યવૃતિ/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.૨૧/૦૧/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક તથા ઉ.મા.શાળા તમામ,
જિ.અમરેલી

<u>પત્રક-અ</u>

• ભારત સરકારના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય દ્વારા મળેલ સુચનાઓને ધ્યાનમાં રાખી National Scholarship Portal (NSP 2.0) માં Institute Level એ Online અરજીઓનું Re-Verification કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ:-

1) ભારત સરકારના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય દ્વારાInstitute Level-1 માટે પ્રિ-મેટ્રિક, પોસ્ટ મેટ્રિક, મેરીટ કમ મીન્સ શિષ્યવૃતિના વિદ્યાર્થીઓના Online અરજીઓની ચકાસણી છેલ્લી તા.૦૫/૦૨/૨૦૨૧ આપવામાં આવેલ છે. જે મુજબ Institute Login માં પરત આવેલ તમામ અરજીઓનું Online Re-Verification આપેલ સમય મર્યાદામાં પૂર્ણ કરવાની જવાબદારી Institute Nodal Officer ની રહેશે.

2) શાળા/કોલેજ/સંસ્થાએ વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવેલ Online Application ની હાર્ડકોપી તમામ જરૂરી દસ્તાવેજો (Documents) સાથે અગાઉ મેળવી હશે અને તે અરજી સાથેના તમામ પુરાવા માન્ય હોય તો તેના આધારે જ સત્વરે Re-Verification કરવું (ફરીથી હાર્ડકોપી મંગાવવાની જરૂર રહેતી નથી) પરંતુ અગાઉ પ્રથમ વખત વેરિફિકેશન વખતે વિદ્યાર્થીઓ પાસેથી અરજીની હાર્ડકોપી અને તમામ જરૂરી દસ્તાવેજો (Documents) સાથે મેળવેલ ન હોય અને હાર્ડકોપી વગર જ શાળા/કોલેજ/સંસ્થાએ પ્રથમ વેરિફિકેશન કરેલ હોય તો તેવી શાળા/કોલેજ/સંસ્થાએ ફરજિયાત પણે વિદ્યાર્થીઓ પાસેથી અરજીની હાર્ડકોપી તમામ જરૂરી દસ્તાવેજો (Documents) સાથે મેળવીને જ Re-Verification કરવાનું રહેશે.

અત્યારે Re-Verification માટે મળેલ અરજીઓનું Verification વિદ્યાર્થીઓની હાર્ડકોપી અને તેની સાથે જમા કરાવેલ જરૂરી Certificates જેમ કે Domicile Certificate,Self-laration of Minority Community Certificates, Self-Attested Certificate of Previous Academic Mark sheet, Fee Receipt of Current year, Income Certificate, Proof of Bank Account Passbook,BonifiedStudentof Institution ની નકલ સહે ચુસ્તપણે તમામ દસ્તાવેજો ચકાસી Re-Verification કરવાનું રહેશે.

3) પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિના Hosteller વિદ્યાર્થીઓ અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃતિ હેઠળના વર્ગ 11 તથા 12 ના Hosteller વિદ્યાર્થીઓને તો જ છાત્રાલય ફી મળવાપાત્ર રહેશે. જો તે શાળા/કોલેજ/સંસ્થા દ્વારા જ સંચાલિત Hostelની સુવિધાઓ લાભ લેતા હોય તથા ઉચ્ચ વર્ગો એટલે કે બારમાં ધોરણ પછી, છાત્રાલય ફી અરજદારના નામે ભાડાની રસીદ/ભાડા કરાર હશે તો જHosteller તરીકે Verification કરવું, જેથી Institute Nodal Officer દ્વારા આવા Hosteller દર્શાવેલ વિદ્યાર્થીઓને ઉપર મુજબના માપદંડ ધરાવે તો જ તેવા અરજદારની અરજીને Verify કરવાની રહેશે. અને જો કોઈ શાળા/કોલેજ/સંસ્થા દ્વારા કોઈ Day Scholar ની અરજી Hosteller તરીકે Verify થયેલ થયેલી માલૂમ પડશે અને State Nodal Officer દ્વારા તેવી અરજીઓને Reject કે Defect કરવામાં આવશે અને તે વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાના Institute Nodal Officer અને આચાર્યશ્રીની રહેશે.

4) આપની શાળા/કોલેજ/સંસ્થાના DISE/AISHECODE ના DISE/AISHEMASTER પરની માહિતી જેવી કે કુલ માન્ય સંખ્યા, લઘુમતી વિદ્યાર્થીઓની સંખ્યા, કુમાર અને કન્યાઓની સંખ્યા, શાળા સંલગ્ન હોસ્ટેલ સુવિધા વિગેરેના આધારે National Infromatics Center દ્વારા National Scholarship Portal પર જુદા જુદા પ્રકારના Alerts આપવામાં આવેલ છે. જે Institute Nodal Officier,District Nodal Officier તેમજ State Nodal Officier ના login માં દર્શાવેલ છે. જેથી Institute Nodal Officier ઓએ અરજીઓનું Re-Verification કરતી વખતે આ તમામ Alert ને ધ્યામાં રાખીને જ અરજીઓનું Re-Verification કરવાનું રહેશે. જો કોઈ Institute Nodal Officier દ્વારા ખોટી રીતે Re-Verification કરવામાં આવશે અને State Nodal Officier ના લોગિનમાં તેના Alerts ના આધારે અરજીઓ Reject કે Defect કરવામાં આવશે અને તે વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાની રહેશે.

5) શાળા/કોલેજ/સંસ્થાઓએ આપેલ સમય મર્યાદામાં Re-Verification કરેલ અરજીઓની યાદી આ સાથે સામેલ Excel File માં જિલ્લા કચેરીને મોકલી આપવાની રહેશે, જો કોઈ શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા Re-Verification કરેલ હશે પરંતુ Re-Verify કરેલ અરજીઓની યાદી District Nodal Officierને Excel File માં તથા હાર્ડકોપીમાં મોકલવામાં નહિ આવેલ હોય અને તેના કારણે જો કોઈ વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ ના લાભથી વંચિત રહી જશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાની રહેશે.

6) શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા Verification ની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દરેકશાળા/કોલેજ/સંસ્થાઓએ અરજદારો દ્વારા જમા કરેલા અરજીઓની નકલ સાથે તમામ દસ્તાવેજોને <u>ઓછામાં ઓછા પાંચ વર્ષ</u>સુધી સાચવીને રાખવાના રહેશે અને અલ્પસંખ્યક કાર્ય મંત્રાલય, ભારત સરકાર/સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર તેમજ વિકસતી જાતિ કલ્યાણ ખાતાના અધિકારીશ્રીઓ દ્વારા તેમની ચકાસણી કરવામાં આવશે.આ ચકાસણી દરમ્યાન જો કોઈ શંકાસ્પદ કે ખોટી રીતે શિષ્યવૃતિ માટે મોકલેલ હશે તો તેવી શાળા/કોલેજ/સંસ્થાઓ સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

7) ઉપર્યુક્ત Re-Verification ની પ્રક્રિયા ખુબજ અગત્યની હોય આ પ્રક્રિયા દરમ્યાન કોઈ Fraud અરજી તેમજ ખોટા લાભાર્થીઓ આ શિષ્યવૃતિ યોજનાઓનો લાભ ન મેળવીલે તે માટે શાળા/કોલેજ/સંસ્થાએ અરજીઓનું Re-Verification કરતી વખતે ખાસ તકેદારી રાખવાની રહેશે. તથા ખરેખર જે વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર હોય તેવા Genuine લાભાર્થીઓ શિષ્યવૃતિના લાભથી વંચિત રહી ન જાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

આમ અરજીઓનું Re-Verification કરતી વખતે Institute Nodal officierઅને આચાર્યશ્રીઓએ ઉપર્યુક્ત બાબતોની ખાસ કાળજી લેવાની રહેશે. તેમજ ઉપર્યુક્ત સુચનાઓના અમલમાં બેદરકારી બદલ ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળા/કોલેજ/સંસ્થાઓની રહેશે.